GRAM: "UNIVERSITY"

# સરદાર પટેલ યુનિવર્સિટી

પો.બો.નં.૧૦
વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦(ગુજરાત)

Phone: (02692) 226807
Fax No.: (02692) 236475

**એકેડેમિક વિભાગ**

## પરિપત્ર

અગત્યનું

પ્રતિ,
આચાર્યશ્રી,
સરદાર પટેલ યુનિવર્સિટી સંલગ્નતમામ કોલેજો
~~વલ્લભ વિદ્યાનગર~~

શ્રીમાન,

આથી સંબંધકર્તા સર્વે કોલેજોના આચાર્યશ્રીઓને જણાવવાનું કે વર્ષ ૨૦૧૫-૨૦૧૬માં આપની કોલેજમાં NWAC,USA SERI NEW DELHI બોર્ડમાંથી ધોરણ-૧૨ની પરીક્ષા પાસ કરીને આપની કોલેજમાં પ્રવેશ મેળવ્યો હોય તેવા વિદ્યાર્થીઓનો પરીક્ષા સચિવ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગરના પરિપત્ર નં. મ.ઉ.વ.સ.ક./૧/૮૭૭ તારીખ:૩૧/૭/૨૦૧૫ (તારીખ:૫/૮/૨૦૧૫) મુજબ પ્રવેશ તાત્કાલીક અસરથી રદ કરવો. જો પ્રવેશ રદ કરવાનમાં નહી આવે તો અને પાછળથી યુનિવર્સિટીના ધ્યાન પર આવશે તો સંબંધીત કોલેજના આચાર્યશ્રીની અંગત જવાબદારી રહેશે. વધુમાં જણાવવાનું કે વર્ષ ૨૦૧૬-૧૭માં NWAC,USA SERI NEW DELHI બોર્ડમાંથી ધોરણ-૧૨ની પરીક્ષા પાસ કરેલ કોઇપણ વિદ્યાથીને આપની કોલેજમાં પ્રવેશ આપવો નહી. જો પ્રવેશ આપવામાં આવશે તો તેનું એનરોલમેન્ટ કરવામાં આવશે નહી. અને પરીક્ષામાં બેસવા દેવામાં આવશે નહી. પરીક્ષા આપી હશે તો પરિણામ અટકાવવામાં આવશે તેથી આ બાબતની ગંભીરતાને ધ્યાને લઇ અમલ કરવા નોંધ લેશો.

કુલસચિવ

નં.ડી/બી/ ૨૮૯૮
વલ્લભ વિદ્યાનગર
તારીખ:૩/૮/૨૦૧૬

File: D:\Zala\OfficeNote\1

પરિપત્ર

ક્રમાંક/મઉમશબ/ક-૧/ ૯૪૪
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ
સેક્ટર-૧૦-બી, ગાંધીનગર
તા-૩૧/૦૭/૨૦૧૫.
૫.૮.૨૦૧૫

પ્રતિ
આચાર્યશ્રી
(તમામ)
માધ્યમિક અને ઉચ્ચત્તર
માધ્યમિક શાળાઓ.

વિષય:- ધોરણ-૧૧ માં પ્રવેશ બાબત.

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે બોર્ડના ધ્યાન ઉપર આવેલ છે કે કેટલીક શાળાઓમાં ધોરણ-૧૦ નાપાસ થયેલા વિદ્યાર્થીઓને પણ શાળા બદલી ને પ્રવેશ આપવામાં આવે છે.શાળાના આચાર્યશ્રીઓ દ્વારા ધોરણ-૧૦ ની માર્કશીટની ચકાસણી કર્યા સિવાય નાપાસ વિદ્યાર્થીને ધોરણ-૧૧માં પ્રવેશ આપી દેવામાં આવે છે.

ધોરણ-૧૧ માં પ્રવેશ આપતા પહેલા શાળાના આચાર્યશ્રીએ વિદ્યાર્થીની ધોરણ - ૧૦ ની માર્કશીટ ખાસ કાળજીપૂર્વક ચકાસવાની રહેશે. જે માર્કશીટ માં **NEEDS IMPROVEMENT** લખેલુ હોય તે વિદ્યાર્થી ને કોઇ સંજોગોમાં ધોરણ-૧૧ માં પ્રવેશ આપવામાં ન આવે તેની ખાસ કાળજી લેવાની રહેશે.ચાલુ સાલે આવા કોઇ વિદ્યાર્થી ને પ્રવેશ આપવામાં આવેલ હોય તો તાત્કાલિક અસરથી પ્રવેશ રદ કરવાનો રહેશે.

આ ઉપરાંત **NWAC**(નોર્થવેસ્ટ એક્રેડિએશન. કમીશન. યુ.એસ.એ.)ની ધોરણ-૧૦ પાસની મીર્કશીટ આધારે જો કોઇ વિદ્યાર્થીને ધોરણ-૧૧ માં પ્રવેશ આપવામાં આવેલ હોય તો તે પ્રવેશ તાત્કાલીક રદ કરવાનો રહેશે. ખોટી રીતે લીધેલ પ્રવેશ શાળાના આચાર્યશ્રી દ્વારા રદ કરવામાં નહિ આવે અને પાછળથી બોર્ડના ધ્યાનપર આવશે તો શાળાના આચાર્યશ્રીની અંગત જવાબદારી નક્કી કરવામાં આવશે.

તમામ આચાર્યશ્રી એ નોંધ લેવા વિનંતી.

(જી.ડી.પટેલ)
પરીક્ષા સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

નકલ રવાના જાણસારૂ.
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
(તમામ)
ગુજરાત રાજ્ય.